| | | |
|---|---|---|
| રજુ તારીખ | : | ૧૧.૦૩.૨૦૨૬ |
| દાખલ તારીખ | : | ૧૧.૦૩.૨૦૨૬ |
| નિકાલ તારીખ | : | ૦૧.૦૪.૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ માસ દિવસ |
| | | ૦૦ ૦૦ ૨૨ |

**મહીસાગરનાં મહેરબાન સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં,**
**મુ. લુણાવાડા, જી. મહીસાગર**

**ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧૨૭/૨૦૨૬**

**આંક : ૦૮**

**અરજદાર :-** **મોહસીન અબ્દુલ લતીફ અબ્દુલ ફરીદ શેખ**
ઉ.વ.આ.૩૨, ધંધો : છૂટક વેપાર,
રહે. હાલ શ્રી રામ નગર કરચો કુલી, નંદુરબાર,
તા./જી. નંદુરબાર, મહારાષ્ટ્ર,
મૂળ રહે. અલીમહોલ્લા, નંદુરબાર,
તા./જી. નંદુરબાર, મહારાષ્ટ્ર.

**વિરૂદ્ધ**

**સામાવાળા :-** **ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**બાબત :** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી...**

| |
|---|
| અરજદાર તરફે વિ.વ. **શ્રી એ. આઇ. પઠાણ** |
| સામાવાળા તરફે વિ.પી.પી. **શ્રી એસ. આર. ડામોર** |

## - : : ઠરાવ : : -

(૧) સદર અરજદાર સાઈબર ક્રાઈમ જી. મહીસાગર પોલીસ સ્ટેશન ગુ.ર. નં.૧૧૧૮૭૦૧૨૨૫૦૦૧૧/૨૦૨૫ થી બી.એન.એસ. કલમ-૩૧૮(૪), ૬૧, ૫૪ અને આઈ.ટી.એકટની કલમ-૬૬(ડી) નાં ગુનામાં જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ મુજબ અરજદાર તરફે ચાર્જશીટ થયા બાદની આ રેગ્યુલર જામીન મેળવવા

હાલની અરજી કરેલ છે.

(૨) અરજદારની અરજીની વિગત એવી છે કે, સદર ગુનાનાં કામે અરજદારને તા.૧૮.૦૧.૨૦૨૬ નાં રોજ અટક કરી, લુણાવાડાનાં મહે. ચીફ જ્યુડી. મેજી. સાહેબ શ્રીની કોર્ટમાં રજુ કરવામાં આવેલ અને તા.૨૩.૦૧.૨૦૨૬ સુધીનાં રીમાન્ડ આપવામાં આવેલ. ત્યારબાદ અરજદાર તરફે તે જ કોર્ટમાં જામીન અરજી દાખલ કરેલ, જે નામંજૂર કરવામાં આવેલ. ત્યારબાદથી અરજદાર જ્યુડીશ્યલ કસ્ટડીમાં છે. સદર ગુનાનું ચાર્જશીટ ફો.કે.નં.૨૪૬/૨૦૨૬ થી દાખલ થયેલ બાદ અરજદાર તરફે ટ્રાયલ કોર્ટમાં જામીન અરજી દાખલ કરવામાં આવેલ, જે તા.૧૦.૦૩.૨૦૨૬ નાં રોજ નામંજૂર કરવામાં આવેલ. ત્યારબાદ અરજદાર તરફે હાલની રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૩) અરજદાર તરફે વિદ્વાન વકીલશ્રીએ રજુઆત કરતાં જણાવેલ છે કે, અરજદાર તદ્દન નિર્દોષ છે, અરજદારે કોઈ ગુનો કરેલ નથી. હાલનાં બનાવ અંગે અરજદાર કાંઈ જાણતા નથી કે કોઈ માહિતી નથી, અરજદાર સામે કોઈ પ્રાઈમાફેશી કેસ નથી. અરજદાર અરજીમાં જણાવેલ સરનામાનાં વતની છે, ત્યાં સ્થાવર તથા જંગમ મિલકત ધરાવે છે, કેસ ચાલતાં દરમિયાન અરજદારની હાજરી સરળતાથી મળી રહે તેમ છે. હાલનાં ગુનામાં અરજદારે કોઈ ભાગ ભજવેલ નથી, અરજદારનાં એકાઉન્ટમાં કોઈ નાણા આવેલ નથી. હાલની ફરિયાદમાં અરજદારનું ક્યાંય નામ નથી, પોલીસે કિન્નાખોરી રાખી, અરજદારની ખોટી રીતે સંડોવણી કરેલ છે. અરજદાર છૂટક વેપાર ધંધો કરી પરિવારનું ગુજરાન ચલાવે છે, અરજદારનાં કુટુંબમાં અરજદાર સિવાય કોઈ કમાનાર ઈસમ નથી, અરજદાર ક્યાંય નાસી–ભાગી જાય તેમ નથી. હાલનાં ગુનાનો કેસ ચાલતાં લાંબો સમય લાગે તેમ છે, જો અરજદાર જેલમાં રહે તો પરિવારને ભૂખે મરવાનો વારો આવે તેમ છે. અરજદારને કસ્ટડીમાં રાખવાથી પોલીસને હવે કોઈ નવીન પુરાવો મળી આવે તેમ નથી. અરજદાર નામ. કોર્ટ

ફરમાવે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવા તૈયાર છે. ત.ક.અમલદારે હાલનાં ગુનાની તપાસ પૂર્ણ કરી, નામ. કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરી દીધેલ છે, હવે કોઇ તપાસ બાકી રહેતી નથી.

વધુમાં જણાવેલ છે કે, સદર ગુનાનાં કામે નામદાર સુપ્રિમકોર્ટનાં અરનેશકુમારનાં ચુકાદા મુજબ સી.આર.પી.સી.ની કલમ–૪૧(ડી) મુજબ નોટીસ અરજદારને આપેલ નથી કે અટકનાં કારણો આપેલ નથી. હાલનાં કામમાં થયેલ ચાર્જશીટમાં પકડવાના બાકી આરોપી નં.૮ અવલ ઈશાક પટેલની જામીન અરજી નામ. ગુજરાત હાઇકોર્ટમાં પેન્ડીંગ છે. સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટનાં ટ્રસ્ટી ફરિદાબાનુ દ્વારા નામ. ગુજરાત હાઇકોર્ટમાં કરવામાં આવેલ આગોતરા જામીન ક્રિ.પ.અ.નં.૩૫૦૫/૨૦૨૬ નાં હુકમમાં નામ. હાઇકોર્ટ દ્વારા Coercive Action નહીં લેવા હુકમ કરેલ છે. અરજદાર સર્વોદય એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટમાં ટ્રસ્ટી નથી કે કોઇ હોદ્દો ધરાવતા નથી. હાલનાં કામે રૂા.૪,૧૦,૦૨,૦૯૬/– ની છેતરપીંડી થયેલ હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. અરજદાર ડોનેશન માટે ટ્રસ્ટ પાસેથી ૨૫% ડોનેશન લેવાના હોય તેવો પણ કોઇ પુરાવો રજુ થયેલ નથી. ત.ક.અમલદારનાં સોગંદનામામાં અરજદારે ફોન કર્યાનો આક્ષેપ છે. અરજદારે કોઇ ડોનેશનની રકમ મેળવી નથી કે ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાયેલ નથી. હાલનાં કામે ઉપરોક્ત ટ્રસ્ટનાં ખાતા સંદર્ભે અરજીઓ આવેલ છે, અરજદાર વિરૂદ્ધ આ પ્રકારનો કોઇ ગુનો નથી.

વધુમાં અરજદાર અન્ય ગુનામાં સંડોવાશે નહીં, અરજદારનો કોઇ ગુનાહિત ઈતિહાસ નથી. ભગીરથસિંહ જાડેજાનાં કેસમાં સાઇબર ફ્રોડનાં રૂપિયા પંદર કરોડનાં કેસમાં નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા જામીનમુક્ત કરેલ છે. 'જેલ અપવાદ અને જામીન નિયમ' નાં સિદ્ધાંતને ધ્યાને રાખી જામીન ઉપર મુકત કરવા જોઇએ.

આમ, ઉપરોકત તમામ કારણો ધ્યાને લઇ અરજદારને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે.

અરજદાર તરફે નામ. સુપ્રિમ કોર્ટનાં **૧.**સંજય ચંદ્રા વિ. સી.બી.આઇ.,

**૨.**વિનોદ ગોએન્કા વિ. સી.બી.આઇ., **૩.**ગૌતમ દોશી વિ. સી.બી.આઇ., **૪.**હરિ નાયર વિ. સી.બી.આઇ., **૫.**સુરેન્દ્ર પીપરા વિ. સી.બી.આઇ., **૬.**સત્યેન્દ્રકુમાર અંતિલ વિ. સી.બી.આઇ. નાં ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ જામીન અંગેના સિદ્ધાંતોને ધ્યાને લઇ અરજદારને જામીનમુક્ત કરવા અરજ કરેલ છે.

(૪) વિદ્વાન પી.પી.શ્રીએ અરજદારની જામીન અરજીનો વિરોધ કરતાં જણાવેલ છે કે, હાલનો કેસ ઓનલાઇન ફ્રોડનો કેસ છે. હાલનાં કામનાં અરજદાર તથા અન્ય આરોપી ઇમરાન યુસુફભાઇ મુસા સૌદાગર નાઓએ બે–અઢી દિવસ સુધી સુરત ખાતે હોટલમાં મીટીંગ કરેલ. અરજદારનાં નામે હોટલ બુકીંગ કરેલ અને ત્યાં અરજદારનું આધાર કાર્ડ રજુ કરેલ. સદર મીટીંગમાં અન્ય આરોપીઓ પણ હાજર હતાં. આરોપીઓ અરજદારનાં નામથી તા.૦૮.૧૧ થી ૧૦.૧૧ સુધી હોટલ સીટીઝન, સુરત ખાતે રાકાયેલ.

વધુમાં જણાવેલ છે કે, જો અરજદારને કલમ–૩૫(૩) નોટિસ આપાવામાં આવે તો તે પુરાવાનો નાશ કરે તેવી શક્યતા હોય, નોટિસ આપેલ નહીં. દરેક કેસમાં આરોપીને એરેસ્ટ કરવાનાં કારણો જણાવવાના હોતા નથી. અરજદાર તરફે એવી રજુઆત છે કે, તેઓ સર્વોદય ટ્રસ્ટનાં સભ્યો નથી, પરંતુ ફ્રોડની રકમ તો તે ટ્રસ્ટમાં જ આવેલ છે. હાલનાં અરજદાર તથા અન્ય આરોપી ઇમરાન બંનેનાં મોબાઇલ નંબર ઉપર મોહમદ ઇશાક સાથે વાતચીત કરેલ અને તે અંગેની કોલ ડીટેઇલ પણ રજુ કરવામાં આવેલ છે. હાલનાં કામે ઉલ્લેખીત સર્વોદય ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ સાથે અરજદાર તથા અન્ય આરોપીએ વાત કરેલ, સદર ટ્રસ્ટ સંતરામપુરમાં આવેલ છે અને અરજદાર મહારાષ્ટ્રનાં તથા અન્ય આરોપી સુરતનાં છે, તેઓને ટ્રસ્ટ કે ટ્રસ્ટીઓ સાથે કોઇ સંબંધ નથી. ઉપરાંત સદર ટ્રસ્ટનાં ખાતામાં નાખવામાં આવેલ રકમ એક–બે દિવસમાં જ અરજદાર/આરોપીઓએ ટ્રાન્સફર કરી દીધેલ. સદર ટ્રસ્ટનાં ખાતા બાબતે ૮૧ અરજીઓ આવેલ છે. આમ, અરજદાર વિરૂદ્ધ પ્રથમદર્શનીય કેસ છે, હાલનાં ગુનાની તપાસ ચાલું છે, કોઇ નવું કારણ ઉભુ

થયેલ નથી, અરજદારની હાલની અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે.

(૫) વધુમાં વિ. પી. પી. શ્રીની દલીલ પૂર્ણ થયા બાદ અરજદાર તરફે વધુ દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર તા.૧૮.૦૧.૨૦૨૬ થી જયુડીશ્યલ કસ્ટડીમાં છે. અરજદારનાં ૫–દિવસનાં રીમાન્ડ મંજૂર થયેલ, તે દરમિયાન પણ અરજદારે કમિશન લીધેલ હોવાનો પુરાવો રજુ થયેલ નથી. હાલનાં અરજદાર સામે આ ગુનાનું ચાર્જશીટ દાખલ થઇ ગયેલ છે. ફરિયાદપક્ષે અરજદારે મીટીંગ કર્યાનો આક્ષેપ છે, પરંતુ તપાસ કરનારે તે હોટલનાં સીસીટીવી ફૂટેજ કબજે કરેલ નથી કે માલિકનું કોઇ નિવેદન લીધેલ નથી. તેમજ સદર મીટીંગ કર્યા અંગેનો કોઇ પુરાવો ચાર્જશીટમાં રજુ નથી. હાલનાં કામે રજુ ચાર્જશીટ સાથે રજુ દસ્તાવેજોમાં કે નિવેદનોમાં અરજદારે એકાઉન્ટ શોધી આપ્યા એવું જણાય આવતું નથી. ચાર્જશીટમાં અરજદારને નં.૫ તરીકે દર્શાવેલ છે. અરજદાર કોઇ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી કે ફ્રોડની રકમ જમા થઇ તે ખાતાનાં ખાતેદાર નથી. અરજદારનાં ખાતામાં રકમ જમા થઇ નથી કે તેઓએ કોઇ રકમ ઉપાડેલ નથી. હાલનાં કામનાં આરોપી નં.૧ નાઓએ સદર ગુના બાબતે સૌપ્રથમ પોલીસ સ્ટેશનમાં અરજી આપેલ, તેમાં પણ અરજદારનાં નામનો કોઇ ઉલ્લેખ નથી. હાલનાં ગુનામાં ૭ વર્ષની સજાની જોગવાઇ છે, હાલનાં ગુનામાં અરજદારનો કોઇ રોલ જણાતો નથી. હાલનાં ગુનાની તપાસ પૂર્ણ થઇ ગયેલ છે, હાલનાં અરજદાર વિરૂદ્ધ કોઇ અરજીનો થયેલ નથી, અરજદારની હાજરી સહેલાઇથી મળી રહે તેમ છે. હાલનાં કામનાં મુખ્ય આરોપીની અટક કરેલ હોય અને નામ. ગુજરાત હાઇકોર્ટે અન્ય આરોપીઓ સામે સ્ટે આપેલ છે, જેથી અરજદારની હાલની અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

(૬) બંને પક્ષની દલીલો ધ્યાને લીધી તથા અરજદારની અરજી, આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા લીસ્ટ આંક–૩ તથા આંક–૬, તપાસ કરનાર અમલદારનું રજુ સોગંદનામું આંક–૫, ચાર્જશીટ તથા તે સાથેના દસ્તાવેજો

વંચાણે લીધાં.

(૭) ફરિયાદીની ફરિયાદ જોતાં, આ કામનાં અરજદાર સામે સાઈબર ક્રાઈમ જી.મહીસાગર પો.સ્ટે. ગુ. ર. નં. ૧૧૧૮૭૦૧૨૨૫૦૦૧૧/૨૦૨૫ થી બી.એન.એસ. કલમ–૩૧૮(૪), ૬૧, ૫૪ અને આઈ.ટી.એકટની કલમ–૬૬(ડી) મુજબનાં ગુનાનો આક્ષેપ છે. સદર ગુનાનાં કામે અરજદારની જામીન અરજી ચીફ જયુડી. મેજી., મહીસાગર મુ. લુણાવાડા નાઓએ મંજૂર કરેલ છે. અરજદારની અત્રેની કોર્ટ સમક્ષ પ્રથમ જામીન અરજી છે. અરજદાર દ્વારા નામ. હાઈકોર્ટ સમક્ષ ફરિદાબાનુ તે મોહમદ ઈશાક ગુલામ રસુલ પટેલનાં પત્નિ વિ. ગુજરાત રાજ્યનાં કેસમાં ક્રિ.પ.અ.(આગોતરા જામીન) નં.૩૫૦૫/૨૦૨૬ નાં કામે તા.૦૯.૦૩.૨૦૨૬, ૦૩.૦૩.૨૦૨૬, ૦૨.૦૩.૨૦૨૬, ૧૮.૦૨.૨૦૨૬, ૧૬.૦૨.૨૦૨૬ નાં રોજ કરેલ હુકમની નકલ રજુ કરેલ છે. ઉપરોક્ત કેસનાં અરજદાર હાલનાં ગુનાનાં કામે આરોપી નં.૨ છે, જેઓની આગોતરા જામીન અરજીનાં કામે ''તપાસ કરનાર અમલદારે તેણી વિરૂદ્ધ Coercive Action ન લેવા'' આદેશ કરેલ છે.

આ ગુનાનાં કામે ત.ક.અમલદારનું સોગંદનામુ જોતાં, હાલનાં અરજદાર/આરોપી નં.૫ છે તથા આરોપી નં.૪ અમાર સ/ઓ નઈમ ગુલામ મોયુદ્દીન જરીવાલા, આરોપી નં.૬ ઈમરાન સ/ઓ યુસુફભાઈ મુસા સોદાગર છે. આ ત્રણ જણા સામે ગુનાનું ચાર્જશીટ સી.સી.નં.૨૪૬/૨૦૨૬ થી તા.૦૭.૦૩.૨૦૨૬ નાં રોજ ચીફ જયુડી. મેજી., મહીસાગર મુ. લુણાવાડા નાઓની કોર્ટમાં દાખલ થયેલ છે. જ્યારે આરોપી નં.૧ થી ૩ તથા ૭ થી ૧૧ પકડવાના બાકી છે.

સદર કામે અરજદાર/આરોપી નં.૫ નાઓનો સદર ગુનામાં ભજવેલ ભાગ બાબતે ત.ક.અમલદારનું સોગંદનામુ જોવામાં આવે તો આરોપી નં.૧ થી ૩ નાઓએ ફરિયાદવાળા સાર્વજનિક ટ્રસ્ટનાં નામનાં એસ.બી.આઈ. બેંકનાં ખાતા નં.૩૨૯૪૪૬૪૯૫૪૬ માં ડોનેશનનાં નામે ઓનલાઈન ફ્રોડનું પેમેન્ટ નખાવવા માટે આરોપી નં.૪, ૫, ૬, ૭, ૮ સાથે મીટીંગ કરી. તે બેંક

ખાનાની કીટ આઇ.ડી. પાસવર્ડ તથા લીંક મોબાઇલ નંબરોનાં સીમકાર્ડ જમા થાય તેના ૨૫% રકમ કમિશન પેટે લઇ ૭૫% રકમ પરત આપી દેવાનું નક્કી કરી, રૂા.૭૫,૦૦૦/– રોકડા કમિશ પેટે લઇ આરોપી નં.૧ નાએ આરોપી નં.૪ ને આપેલ. આરોપી નં.૪ થી ૮ નાઓએ આ એકાઉન્ટમાં જમા થતી રકમનાં ૨૫% એકાઉન્ટધારકને આપવાના અને ૨૫% રકમ ૪ થી ૮ નાઓએ સરખાં ભાગે વહેંચી લેવાનુ નક્કી કરી, આરોપી નં.૯ અને ૧૦ નાઓને કીટ આપી અને આરોપી નં.૯ અને ૧૦ નાઓએ ભારતનાં અલગ અલગ રાજ્યમાં ઓનલાઇન નાણાકીય છેતરપીંડી કરી, રૂા.૪,૧૦,૦૨,૦૯૬/– ફરિયાદવાળા ટ્રસ્ટમાં નખાવેલ.

વધુમાં આ કામનાં અરજદાર/આરોપીએ પોતાનો મોબાઇલ નં.૯૮૨૩૯૭૮૭૧૨ પરથી આ કામનાં આરોપી નં.૧ મહોમદ ઇશાક પટેલ જેનો મોબાઇલ નં.૯૪૨૭૦૭૮૬૨૩ ઉપર તા.૦૧.૧૧.૨૦૨૫ થી તા.૩૦.૧૧.૨૦૨૫ સુધી કુલ–૧૧૩ વખત તથા મોબાઇલ નં.૬૩૫૪૧૪૦૨૮૬ તા.૧૮.૧૧.૨૦૨૫ થી તા.૩૦.૧૧.૨૦૨૫ સુધી કુલ–૯૨ વખત કોન્ટેકટ થયેલ છે. અરજદાર/આરોપીએ પોતાનો મોબાઇલ નં.૯૮૨૩૯૭૮૭૧૨ પરથી આરોપી નં.૪ અમાર જરીવાલા જેનો મોબાઇલ નં.૭૦૪૩૭૧૦૧૧૪ ઉપર તા.૧૪.૧૧.૨૦૨૫ થી ૨૮.૧૧.૨૦૨૫ સુધી કુલ–૦૯ વખત કોન્ટેકટ થયેલ છે. ઉપરાંત અરજદાર/આરોપીએ પોતાના મોબાઇલ નં.૯૮૨૩૯૭૮૭૧૨ પરથી આરોપી નં.૩ મહોમદ અવલ પીન્જારા જેનો મોબાઇલ નં.૯૪૨૮૦૧૨૪૮૦ ઉપર તા.૨૧.૧૧.૨૦૨૫ થી તા.૨૮.૧૧.૨૦૨૫ સુધી કુલ–૨૭ વખત સંપર્ક કરેલ છે. અરજદાર/આરોપીએ પોતાના મોબાઇલ નં.૯૮૨૩૯૭૮૭૧૨ પરથી આરોપી નં.૬ ઇમરાન યુસુફ મુસા સોદાગર જેનો મોબાઇલ નં.૯૮૭૯૫૦૦૭૬૦ ઉપર તા.૦૧.૧૧.૨૦૨૫ થી તા.૨૨.૧૧.૨૦૨૬ સુધી કુલ–૯૫ વખત સંપર્ક થયેલ છે. અરજદાર/આરોપીએ પોતાના મોબાઇલ નં.૯૮૨૩૯૭૮૭૧૨ પરથી આરોપી નં.૨ ફરિદાબાનુ વા/ઓ મહોમદ ઇશાક ગુલામ રસુલ પટેલ જેનો મોબાઇલ નં.૯૯૦૯૨૧૬૬૦૬ ઉપર તા.૧૧.૧૧.૨૦૨૫ થી

તા.૨૫.૧૧.૨૦૨૫ સુધી કુલ–૬૬ વખત સંપર્ક થયેલ છે.

હાલનાં કામે ચાર્જશીટ થઇ ગયેલ છે પરંતુ અરજદારનો હાલનાં ગુનામાં ભજવેલ ભાગ ધ્યાને લેતાં તેમજ સદર ગુનામાં રૂા.૪,૧૦,૦૨,૦૯૬/– નો ફ્રોડ થયેલ છે, આ તમામ હકીકતો જોતાં જામીન ઉપર મુક્ત કરવા યોગ્ય અને ન્યાયી જણાતું નથી.

વધુમાં અરજદાર તરફે નામ. ગુજરાત હાઇકોર્ટની ક્રિ.પ.અ.નં.૬૮૦૬/૨૦૨૬ તથા ક્રિ.પ.અ.નં.૩૫૦૫/૨૦૨૬ નાં ચુકાદાની નકલ રજુ રાખેલ છે, જે માનસહ વંચાણે લીધી. વધુમાં પોલીસ તપાસનાં કાગળો તથા ત.ક.મઅલદારનું સોગંદનામું વંચાણે લેતાં, ફરીયાદવાળા ટ્રસ્ટમાં સદર ગુનામાં અરજદારે અન્ય આરોપીઓ સાથે મળી ભાગ ભજવેલ હોવાનું જણાયેલ છે. આમ, આરોપીની સદર ગુનામાં પ્રથમદર્શનીય સંડોવણી હોવાનું જણાય છે. અન્ય સહઆરોપીઓ પકડવાના બાકી છે પરંતુ હાલનાં અરજદાર/આરોપી વિરૂદ્ધ ગુનાનું ચાર્જશીટ દાખલ થયેલ છે. સદર ગુનામાં મહત્તમ ૭ વર્ષ સુધીની સજાની જોગવાઇ છે પરંતુ આ પ્રકારનાં ઘણા ગુનાઓ બનતા હોય છે. સદર અરજદાર સામેનો ગુનો આર્થિક ગુનો છે અને ઘણાં લોકો ભોગ બનાતા હોય, અરજદાર તરફે રજુ થયેલા ચુકાદાઓ હાલનાં તબકકે અરજદારને મદદરૂપ થતાં ન હોવાનું મારૂ નમ્રપણે માનવું થતુ હોય અરજદારને જામીન મુકત કરવા વિવેકબુદ્ધિની સત્તા વાપરવી યોગ્ય અને ન્યાયી જણાતું ન હોય ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરૂ છું.

## : : હુકમ : :

(૧) અરજદાર/આરોપી **મોહસીન અબ્દુલ લતીફ અબ્દુલ ફરીદ શેખ,** ઉ.વ.આ.૩૨, ધંધો : છૂટક વેપાર, રહે. હાલ શ્રી રામ નગર કરચો કુલી, નંદુરબાર, તા./જી. નંદુરબાર, મહારાષ્ટ્ર, મૂળ રહે. અલીમહોલ્લા, નંદુરબાર, તા./જી. નંદુરબાર, મહારાષ્ટ્ર નાઓની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ–૪૮૩ અન્વયે જામીન મુકત થવાની અરજી આથી **નામંજૂર** કરવામાં

આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૧ લી, માહે–એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧.૦૪.૨૦૨૬
લુણાવાડા.

( **એમ. એન. ગડકરી** )
સેશન્સ જજ, લુણાવાડા, જી.મહીસાગર
કોડ નં. જીજે.૦૦૪૨૫

એન.ડી.ખખ્ખર
ગુજ.સ્ટેનો.